| | | |
|---|---|---|
| सत्यमेव जयते | **દાખલ તારીખ** | ૩૦/૦૩/૨૦૧૧ |
| | **રજીસ્ટ્રેશન તારીખ** | ૩૦/૦૩/૨૦૧૧ |
| | **ફેંસલ તારીખ** | ૨૦/૦૭/૨૦૨૬ |
| | **સમયગાળો** | **વર્ષ – માસ – દિવસ**<br>**૧૫ – ૦૩ – ૨૧** |

**કલોલના મે. અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી એન. જે. નાચી) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. કલોલ, જી. ગાંધીનગર.**

**ક્રિમીનલ કેસ નં.૧૮૯૦/૨૦૧૧**

**આંકઃ**

**(કલોલ શહેર પો.સ્ટે. ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૪૬/૨૦૧૧)**

| | | | |
|---|---|---|---|
| **ફરિયાદી** | : | | **શ્રી સરકાર**<br>**(નાયક જીતેન્દ્ર ઉર્ફે ધમો જગદીશભાઇ)** |
| **આરોપી** | : | ૧. | **યોગેશભાઇ રામાભાઇ પરમાર,**<br>ઉ.વ. ૪૦,<br>રહે. કોઠાવાળી ચાલી,<br>મુ.તા.કલોલ, જી.ગાંધીનગર. |
| | : | ૨. | **ગોપાલભાઇ મોગીલાલ શર્મા,**<br>ઉ.વ.૩૬,<br>રહે. કલ્યાણપુરા, સુથારવાસની પાછળ,<br>મુ.તા.કલોલ, જી.ગાંધીનગર. |
| | : | ૩. | **નાયરાણભાઇ નંદરામ રાજપૂત,**<br>ઉ.વ.૩૨,<br>રહે.હાડકામીલની ચાલી, રેલ્વે પૂર્વ,<br>મુ.તા.કલોલ, જી.ગાંધીનગર. |
| | : | ૪. | **રામુભાઇ રામદેવભાઇ પ્રજાપતિ (એબેટ)** |
| **ફરિયાદ પક્ષે** | : | | **વિ.એ.પી.પી. શ્રીમતી એસ. એસ. રાઠોડ** |
| **આરોપી પક્ષે** | : | | **વિ.વ.શ્રી બી. એચ. રાવલ** |

## ફોર્મ - "બી"

| | | |
|---|---|---|
| ગુન્હાની તારીખ | : | તા.૨૯/૦૩/૨૦૧૧ |
| એફ.આઈ.આર. તારીખ | : | તા.૩૦/૦૩/૨૦૧૧ |
| ચાર્જશીટ રજુ તારીખ | : | તા.૦૬/૦૬/૨૦૧૧ |
| તહોમતનામું ઘડયા તારીખ | : | તા.૧૬/૦૩/૨૦૨૩ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | : | તા.૧૮/૦૭/૨૦૨૬ |
| ચૂકાદા પર રાખ્યા તારીખ | : | તા.૧૮/૦૭/૨૦૨૬ |
| ચૂકાદા તારીખ | : | તા.૨૦/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જે હોય તો | : | – |

### આરોપીની વિગતો

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુક્ત કર્યા તારીખ | આક્ષેપિત ગુન્હો | નિર્દોષ /સજા | કરવા માં આવેલ સજા | ફો.કા.સં. ની કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયત નો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | યોગેશભાઇ રામાભાઇ પરમાર | તા.૨૦/૦૪/૨૦૧૧ | – | ભારતીય દંડ સંહિતા–૧૯૬૦ ની કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા બી.પી. એક્ટ કલમ–૧૩૫ | નિર્દોષ | – | – |
| ૨. | ગોપાલભાઇ મોગીલાલ શર્મા | | – | | | | |
| ૩. | નાયરાણ ભાઇ નંદરામ રાજપૂત | | – | | | | |
| ૪. | રામુભાઇ રામદેવભાઇ પ્રજાપતિ (એબેટ) | | – | | | | |

## ફોર્મ – "સી"

### એ. ફરિયાદ પક્ષ તરફેના મૌખિક પુરાવાનું લીસ્ટઃ–

| અ.નં. | આંક | વિગત | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૧૧૯ | લાલો કાન્તીલાલ મિસ્ત્રી. | સાહેદ |
| ૨. | ૧૨૦ | જયંતિભાઇ શંકરભાઇ લેઉવા. | પંચ |

### બી. ફરિયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૨૧ | હથિયાર રીકવર કર્યાનું પંચનામું. |
| ૨. | ૧૨૨ | ફરિયાદની નકલ. |
| ૩. | ૧૨૩ | જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાંની ઝેરોક્ષ નકલ. |
| ૪. | ૧૨૪ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું. |
| ૫. | ૧૨૫ | સારવાર સર્ટીફિકેટ. |
| ૬. | ૧૨૬ | એમ.એલ.સી. ની નકલ. |

## –: ચૂકાદો :–

### ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકતઃ

(૦૧) ફરિયાદ પક્ષના કેસની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૯/૦૩/૨૦૧૧ ના રોજ કલાક ૨૦.૩૦ વાગે મોજે મલોલ ટાઉનમાં વકીલની ચાલી પાસે ઘનશ્યામ ટ્રેડીંગની બાજુમાં આરોપી નં.૦૨ નાઓ ગાંડા જેવા ઇસમને માર મારતા હોઇ, ફરિયાદી છોડાવવા વચ્ચે પડતા જે–તે વખતે સમય સુચકતા વાપરી જતા રહેલ તેની અદાવત રાખી, ફરિયાદી પોતાના મોટરસાયકલમાં પેટ્રોલ પુરાવવા જતા હતા તે દરમિયાન આરોપી નં.૦૨ નાએ તેના હાથમાની લોખંડની પાઇપ તથા આરોપી નં.૦૧ નાએ લોખંડનો સળીયો તથા આરોપી નં.૦૧ નો ભાઇબંધ જેની પાસે એક લોખંડની પાઇપ તથા નારાયણભાઇ પાસે બેઝબોલના ધોકાથી ફરિયાદીને શરીરે વધતીઓછી ઇજાઓ પહોંચાડી આરોપી નં.૦૨ નાએ તેના હાથમાની પાઇપ માથાના ભાગે

મારતા લોહીની ફુટ થયેલ તેમજ ગાળો બોલી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી, જીલ્લા મેજીસટ્રેટશ્રી ગાંધીનગરના જાહેરનામાનો ભંગ કરી **ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪** તથા **બી. પી. એક્ટ કલમ–૧૩૫** મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

**ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે કેસ પેપર્સની નકલો બાબતઃ**

**(૦૨)** આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં, સંહિતાની કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપી સામેના ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ સંહિતાની સંહિતાની કલમ–૨૦૪ અન્વયે સમન્સ જારી કરવામાં આવેલ જે આરોપીઓને બજી જતા આરોપી નં.૦૧ થી ૦૩ નાઓ અદાલત રૂબરૂ હાજર થયેલ, તેઓને સી.આર.પી.સી. ની કલમ–૨૦૭ પ્રમાણે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ સામે **આંક–૯૬** થી તહોમતનામું ફરમાવેલ છે અને **આંક–૯૭ થી આંક–૯૯** સુધી આરોપીઓની પ્લી નોંધતા આરોપીઓએ તેઓની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ. જેથી, આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ છે.

**ફરિયાદ પક્ષના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાબતઃ**

**(૦૩)** ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં ઉપરોક્ત **ફોર્મઃસી** માં ફરિયાદ પક્ષના સાક્ષીઓની યાદીમાં જણાવ્યા મુજબના સાહેદનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે, તેમજ ફરિયાદ પક્ષના આંકે પડેલ દસ્તાવેજોની યાદીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**ક્રિમીનલ પ્રોસીઝડ કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદનઃ**

**(૦૪)** ફરિયાદ પક્ષે તરફે પુરાવો પૂર્ણ થયા બાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા માટે કામ મુલત્વી રાખવામાં આવેલ પરંતુ, સદર ગુન્હાના કામે એફ.એસ. લેવાલાયક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોઈ, આરોપીઓનું વિશેષ નોંધવામાં આવેલ નથી.

વધુમાં, આ કામના આરોપી નં.૦૪ ટ્રાયલ દરમિયાન મરણ ગયેલ હોઈ, તેઓને આંક : ૧૧૩ અને માર્ક–૧૧૩/૧ ના આધારે એબેટનો હુકમ કરવામાં આવેલ છે.

**ફરિયાદી તથા આરોપી પક્ષે દલીલોઃ**

(૦૫) સદર કામે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક દલીલો કરી જણાવેલ છે કે, આરોપી ઉપર ગંભીર પ્રકારના ગુન્હાનો આક્ષેપ છે. ફરિયાદી પક્ષ દ્વારા તપાસવામાં સાહેદોએ ફરિયાદને સંપૂર્ણ સમર્થન કરેલ છે. પંચનામાંના પંચોએ પંચનામામાં જણાવેલ હકીકતો મુજબ જુબાની આપેલ છે. ફરિયાદ પક્ષ ગુન્હાની તમામ હકીકતોને લેખિત તેમજ મૌખિક આધાર–પુરાવાથી પુરવાર કરી શકેલ છે. તેવા સંજોગોમાં આરોપીને કાયદા મુજબ મહત્તમ સજા કરવા રજુઆત કરેલ છે.

(૫.૧) બચાવ પક્ષે તરફે મોખિક દલીલોમાં કરવામાં આવેલ છે, તેઓએ તેમની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે, જે જાહેર જગ્યાની આજુબાજુના લોકોના નિવેદનો તપાસના કામે નોંધવામાં આવેલ નથી. બનાવના નજરે–જોનાર સાહેદોનો પુરાવો રેકર્ડ પર સામેલ નથી. મારક હથિયાર રીકવર કર્યાના પંચનામાંના પંચોને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવે છે. આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ મુજબનો ગુન્હો પુરવાર થતો ન હોઈ, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**(૦૬) આ કામના ન્યાયિક નિર્ણય હેતું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૯/૦૩/૨૦૧૧ ના રોજ કલાક ૨૦.૩૦ વાગે મોજે મલોલ ટાઉનમાં વકીલની ચાલી પાસે ઘનશ્યામ ટ્રેડીંગની બાજુમાં આરોપી નં.૦૨ નાઓ ગાંડા જેવા ઈસમને માર મારતા હોઈ, ફરિયાદી છોડાવવા વચ્ચે પડતા જે–તે વખતે સમય સુચકતા વાપરી જતા રહેલ તેની અદાવત રાખી, ફરિયાદી પોતાના મોટરસાયકલમાં પેટ્રોલ પુરાવવા જતા હતા તે દરમિયાન આરોપી

નં.૦૨ નાએ તેના હાથમાની લોખંડની પાઇપ તથા આરોપી નં.૦૧ નાએ લોખંડનો સળીયો તથા આરોપી નં.૦૧ નો ભાઇબંધ જેની પાસે એક લોખંડની પાઇપ તથા નારાયણભાઇ પાસે બેઝબોલના ધોકાથી ફરિયાદીને શરીરે વધતીઓછી ઈજાઓ પહોંચાડી આરોપી નં.૦૨ નાએ તેના હાથમાની પાઇપ માથાના ભાગે મારતા લોહીની કુટ થયેલ તેમજ ગાળો બોલી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ગાંધીનગરના જાહેરનામાનો ભંગ કરી **ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪** તથા **બી. પી. એક્ટ કલમ–૧૩૫** મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

**૨.** શું હુકમ ?

(૬.૧) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે અત્રેની કોર્ટના નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.

**૧.** નકારાત્મક.

**૨. આખરી હુકમ મુજબ.**

**(૦૭)રેકર્ડ થયેલ પુરાવાનો ટૂંકસારઃ–**

**(૭.૧)આંક–૧૧૯** થી જુબાની આપનાર **સાહેદ – લાલો કાન્તીલાલ મિસ્ત્રીએ** તેમની સરતપાસમાં જણાવેલ છે કે, "હું આ કામના ફરિયાદી જીતેન્દ્રભાઇ ઉર્ફે જગદીશભાઇ નાયક મારી બાજુની સોસાયટીમાં રહેતા હોઇ જેથી ઓળખું છું. સને–૨૦૧૧ ની સાલમાં જીતેન્દ્રભાઇ ઉર્ફે જગદીશભાઇ નાયક સાથે કોઇ બનાવ બનેલ હોય તે બાબતે મને કાંઇ ખબર નથી. આ કામના ફરિયાદી જીતેન્દ્રભાઇ આશરે એક વર્ષ પહેલા અવસાન પામેલ છે.

સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. સદર સાહેદની વિ.એ.પી.પી.શ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદ પક્ષને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી.

(૭.૨) **આંક–૧૨૦** થી જુબાની આપનાર **પંચ સાહેદ – જયંતિભાઇ શંકરભાઇ લેઉવાએ** તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''આશરે સને–૨૦૧૧ ની સાલમાં પોલીસે મારી એક પંચનામામાં સહી કરાવેલી. પંચનામા વિશે હું કાંઇ જાણતો નથી. મને હથિયાર રીકવરીના પંચનામાની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે તેમાં પંચ નં.૦૧ તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. સદર પંચનામાને રજૂ દાખલ આંક : ૧૨૧ આપવામાં આવેલ છે.''

સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્ધારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. સદર સાહેદની વિ.એ.પી.પી.શ્રી દ્ધારા હાથ ધરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદ પક્ષને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી.

<u>રેકર્ડ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

(૦૮) ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવાનું તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતાં તેમજ તેની સાથે ઉભય પક્ષકારો તરફે કરાયેલ વિસ્તૃત મૌખિક દલીલો ધ્યાને લેતાં તેમજ હાથ ઉપર રહેલ કેસનું રેકર્ડ વંચાણે લેતાં સ્પષ્ટ થાય છે કે, આ કામના આરોપીઓ વિરૂદ્ધ **ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪** તથા **બી. પી. એક્ટ કલમ–૧૩૫ મુજબના** ગુન્હાનો આરોપ રહેલ છે. ફોજદારી કાયદાશાસ્ત્રના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર આરોપી સામે આક્ષેપાયેલ ગુનાહિત કૃત્યની હકીકતો ફરિયાદ પક્ષ દ્ધારા વાજબી શંકાથી પર પુરવાર કરવી જોઇએ.

(૦૯) ફરિયાદ પક્ષે રજુ થયેલ ઉપરોક્ત પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલા **ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪** તથા **બી. પી. એક્ટ કલમ–૧૩૫** મુજબના ગુન્હાઓની કાયદાકીય જોગવાઈઓ વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

**કાયદાકીય જોગવાઈઓઃ–**

**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪ ભયાનક શસ્ત્રો કે સાધનો દ્ધારા સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવી.**

**આ કલમના તત્વો નીચે મુજબ છે.**

૧. આરોપીએ ભોગ બનનારને શારીરિક પીડા, રોગ અથવા અશક્તિ નિપજાવી,

૨. આવી ઈજા આરોપીએ, ઈજા પહોંચાડવાના ઈરાદાથી અથવા તેને વ્યથા થાય તેવો સંભવ હોવાનું જાણવા છતાં એટલે કે સ્વેચ્છાપૂર્વક પહોંચાડી,

૩. આ ઈજા ગોળી છોડવાના અથવા ભોંકવાના અથવા કાપવાના સાધન વડે કરવામાં આવી હતી અથવા જે સાધનનો આક્રમક હથિયાર તરીકે ઉપયોગ કરવાથી મૃત્યુ નિપજવા સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવેલા કોઈ પદાર્થ વડે કે ઝેર કે ક્ષયજનક પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ વડે કરવામાં આવી હતી અથવા કોઈ પદાર્થ શ્વાસમાં લેવાથી, ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નિવડે તેવા પદાર્થ વડે કે કોઈ પ્રાણી મારફત આવી વ્યથા પહોંચાડવામાં આવી હતી.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવી સજા. આ કલમના તત્વો નીચે મુજબ છે.**

૧. આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશક્તિ નીપજાવ્યા,

૨. આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે, સ્વેચ્છાપૂર્વક કર્યું હતું.

**ભારતીય દંડ સંહિતાની કલમ : ૫૦૪ ના તત્વો નીચે મુજબ છે .**

૧. આરોપીએ ઈરાદાપુર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યુ,

૨. તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માગતી હતી,

૩. આરોપી જાણતો હતો કે, તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ ગુન્હો આચરવામાં આવે ત્યારે મદદગારની હાજરી.**

૧. મુખ્ય ગુન્હો બન્યો હોવો જોઈએ એટલે કે, જે ગુન્હાની મદદગારી કરવામાં આવી હોય તે ગુન્હો બન્યો હોવો જોઈએ,

૨. તે મુખ્ય ગુન્હામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ,

૩. ગુન્હો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ,

૪. અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ તથા

૫. ગુન્હો બનતાં પહેલા તથા ગુન્હો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

**બી. પી. એક્ટની કલમ–૧૩૫ ના તત્વો નીચે મુજબ છે.**

**આ કલમના તત્વો નીચે મુજબ છે.**

૧. બનાવ સમયે કથીત હથીયારબંધીનું જાહેરનામું અસ્તીત્વમા હતું

૨. હથીયારબંધીનું જાહેરનામું યોગ્ય પ્રકાશન થયેલું.

૩. બનાવ વખતે આરોપીએ હથીયાર ધારણ કરી હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલ છે.

(૧૦) આ કામે ઉપરોક્ત રજુ થયેલ પુરાવા સાથે કાયદાના સિદ્ધાંતો ધ્યાને લેતાં ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જ્યારે સોગંદ ઉપર જુબાની આપે છે, ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચું જ બોલતાં હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે. જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ન આવે કે, સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે, ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. "પુરાવાનું મૂલ્યાંકન" શબ્દને પુરાવાના કાયદામાં ક્યાંય વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ નથી કે, તે માટે કાનૂન સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે ? તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલ નથી, કારણ કે, દરેક કેસની હકીકતો, સંજોગો, પરિસ્થિતિ, પ્રકાર, પુરાવો તથા આજુબાજુના પરિબળો તે તમામે–તમામ ભિન્ન–ભિન્ન પ્રકારના હોય છે. પુરાવાના મૂલ્યાંકનનો આધાર

પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારિત છે.

ફોજદારી કાર્યવાહીમાં સામાન્ય રીતે પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે, તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબક્કે પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ, આરોપી પરનું તહોમત નિઃશંકપણે વાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

**(૧૧)** ફરિયાદ પક્ષના મુખ્ય સાહેદ ફરિયાદી– નાયક જીતેન્દ્ર ઉર્ફે ધમો જગદીશભાઇ નાઓ ટ્રાયલ દરમિયાન મરણ ગયેલ હોવાથી તેઓની જુબાની રેકર્ડ ઉપર આવી શકેલ નથી જેથી ફરિયાદ હકીકતને સમર્થન આપતો પ્રાથમિક પુરાવો ઉપલબ્ધ થતો નથી. વધુમાં, ફરિયાદ પક્ષે હથિયાર રીકવરી પંચનામાના પંચ સાહેદ જયંતિભાઇ શંકરભાઇ લેઉવાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહીઓ કરેલી, તે સિવાય તેઓ કંઈ જાણતાં નથી. સદર પંચ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરી તેઓની ઉલટ તપાસ હાથ ધરવામાં આવેલ છે પરંતુ, ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ નથી. અન્ય સ્વતંત્ર સાહેદ એવા લાલો કાન્તીલાલ મિસ્ત્રી હોસ્ટાઈલ થયેલા છે અને તેમને બનાવની કોઈ જાત–માહિતી નથી, તેમજ ફરિયાદીને કોઈ હથિયાર વડે માર હોય તેવું બનેલ નથી તેમ જણાવે છે. વધુમાં, આ કામે આંક : ૧૨૪ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ રજૂ રાખેલ છે, આંક : ૧૨૫ થી સારવાર સર્ટીફિકેટ અને આંક : ૧૨૬ થી ફરિયાદીને

થયેલ ઈજા અંગેનું એમ.એલ.સી. સર્ટીફિકેટ રજૂ રાખેલ છે, તેમજ જાહેરનામાની નકલ રજુ થયેલ છે. આમ, સદર ગુન્હાવાળી જગ્યાનું પંચનામું, મેડીકલ સર્ટીફિકેટ તથા જાહેરનામાંની નકલને આંક પડેલ છે. તેથી, તેને પુરાવાના કામે વંચાણે લેવામાં આવેલ છે પરંતુ, જ્યારે ઈજા પામનાર/ફરિયાદીની જુબાની થઈ શકેલ નથી, સ્વતંત્ર અને મહત્વના સાહેદ હોસ્ટાઈલ થયેલા છે, તેમજ હથિયાર રીકવરી પંચ હોસ્ટાઈલ જાહેર થયેલા છે. તેવા સંજોગોમાં આ આંકે પડેલા દસ્તાવેજોને પુરાવામાં વંચાણે લેવામાં આવે તો પણ આરોપી વિરૂદ્ધનો પુરાવો ગણી શકાય તેમ નથી.

(૧૧) આમ, ફરીયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ મુકેલ છે તેનો પુરાવો તેમણે રેકર્ડ પર રજુ કરેલ નથી. આરોપી સામે જે મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે તે ઘ્યાને લેતાં સ્પષ્ટ થાય છે કે ફરીયાદપક્ષ દ્વારા રેકર્ડ પર રજુ થયેલ મૌખિક પુરાવાઓ ખૂબ જ વિરોધાભાસી છે. ફરીયાદીની જુબાનીની ગુણવત્તા આરોપીઓ સામે હાલનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવા ખૂબ જ અપુરતી છે. ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ સચોટ, કડીબઘ્ધ અને વિશ્વસનીય પુરાવાને આધારે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો રહે છે. જે પ્રસ્થાપિત સિઘ્ધાંતો અનુસાર આરોપીઓ વિરુઘ્ધ ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આમ, ફરીયાદપક્ષ આરોપીઓએ **ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪** તથા **બી. પી. એક્ટ કલમ–૧૩૫** મુજબનો ગુન્હો કર્યાનું વાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય, **મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં** ઠરાવી **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

- આ કામના આરોપીઓને **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧)** અન્વયે **ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૨૪, ૩૨૩,**

**૫૦૪, ૧૧૪** તથા **બી. પી. એક્ટ કલમ–૧૩૫** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- મુદ્દામાલ પાવતી મુજબનો મુદ્દામાલ અપીલ સમય વિત્યેથી નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપઓએ અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ રાખવા.

હુકમ આજરોજ તારીખ **૨૦** માહે **જુલાઈ**, સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૨૦/૦૭/૨૦૨૬<br>સ્થળઃ કલોલ. | **( નરેન્દ્રકુમાર જેઠાલાલ નાચી)**<br>**અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**<br>**મુ. કલોલ, જી. ગાંધીનગર.**<br>**UIC No. GJ 00894** |